<u>-:: આંક- ૧ ના ચાર્જશીટ લગત હુકમ ::-</u>

૧) કેસ પેપર્સ વંચાણે લીધા. આરોપી સામેના આક્ષેપો જોતાં આ કેસ સમન્સ ટ્રાયબલ પ્રકારનો હોય અને પુરતા પ્રયત્નો કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી. નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટી ના પત્ર જાવક નંબર એફ.નં.એલ./૨૩/૨૦૧૪/નાલસા, તારીખ ૨૦/ઓગષ્ટ/૨૦૧૪માં આપેલ ગાઈડ લાઈનમાં ધ્યાનમાં લેતાં અદાલતને પડી રહેલ ડેડવુડ જેવા કેસોનો ક્રિમિનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ની કલમ-૨૫૮ નીચે નિકાલ કરવા સુચના અપાયેલ છે, તેને ધ્યાનમાં લેતાં અત્રેની કોર્ટે તેવા ડેડવુડ કેસો આઈડેન્ટીફાય કરી તે અંગે પબ્લિક પ્રોસીકયુટરના અભિપ્રાય મેળવેલ છે. પ્રસ્તુત કેસ ઘણો જુનો છે જેથી હવે આ કેસમાં ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી જ મુશ્કેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાનાં કારણે ઈફેકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પુરતું ધ્યાન આપી શકાતું ન હોય, આવા કેસોના ભરાવાનું ભારણ ઓછું થાય અને ઈફેકટીવ કેસ તરફ પુરતુ ધ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની કાર્યવાહી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાય છે. આ સંજોગોમાં ન્યાયનાં હિતમાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૮ અન્વયે આ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહી પુરાવો નોંધ્યા વિના જ બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો (જે મુદ્દામાલ હોય તે)જો રકમ મુદ્દામાલ હોય તો તે શ્રી સરકાર ખાતે જમા કરાવવો.

કેસ રજિસ્ટરે હુકમની નોંધ કરવી.

**: : હુ ક મ : :**

સદર કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૮ ની જોગવાઈ મુજબ સ્ટોપ કરી આરોપીને છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૩/૦૭/૨૦૧૯ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૩/૦૭/૨૦૧૯**
**વડોદરા.**

**એમ.એ.ગૌતમી**
**(ગુજ.સ્ટેનોગ્રાફર)**

**(ચિરાગ વામનરાય ભટ્ટ)**
જ્યુડી.મેજી. ફ.ક., ટ્રાફીક કોર્ટ
વડોદરા.
કોડ નં.જીજે ૦૧૩૯૫